
**ડાયરેક્ટ ❤ સે**

ચૂંટણી પૂરી થઈ ગઈ,
ક્યાં જવાની છે પ્રજા !
પક્ષ કોઈ પણ ભલેને
બહુમતિથી જીતતો,
લોકશાહીમાં સદાય
હારવાની છે પ્રજા !
- હરદ્વાર ગોસ્વામી

## જન્મદિને વધામણી



**હાર્દિક પરીખ**
મો. ૯૮૨૪૫ ૧૦૮૦૭



**રમણલાલ હીરાલાલ મકવાણા**
મો. ૯૪૨૯૦ ૨૮૪૮૪

### અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના અનોખા વિદ્યાર્થી ટૅલેન્ટ શો

# 'યાહૂ-૨૦૧૭'નું રંગારંગ - યાદગાર સમાપન








કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજની કલ્ચરલ બ્રાન્ડ 'યાહૂ' પ્રતિવર્ષની જેમ આ વખતે પણ સુવર્ણ યાદો છોડી ગઈ. કૉલેજનો આ ટૅલેન્ટ શો અનેક રીતે વિશેષ અને માણવાલાયક બની રહ્યો હતો અને જેમ છેલ્લા પાંચેક 'યાહૂ'થી બનતું આવ્યું છે તેમ આ વખતેય આ ઈવેન્ટમાં વિદ્યાર્થીઓ કરતાં વિદ્યાર્થીઓની ભાગીદારી અને દબદબો કાયમ રહ્યો હતો. કૉલેજના ત્રણેય વર્ષના ૧૮૦થી વધુ વિદ્યાર્થીઓએ રૅટ્રો ડાન્સ, ગૃપ ડાન્સ, માયથોલોજીકલ થીમ, યુનિક ઈવેન્ટ, સ્કીટ અને માઈમ જેવી લાજવાબ કૃતિઓની પ્રસ્તુતિ કરીને ભરપૂર દાદ મેળવી હતી. બે દિવસની રોચક સ્પર્ધાને અંતે આ વર્ષની રોટેટિંગ ટ્રોફી યંગસ્ટર્સ ગૃપે જીતી લીધી હતી. ૧ હજાર જેટલા વિદ્યાર્થીઓ ઉપરાંત ઉલ્લેખનીય સંખ્યામાં વાલીઓએ પણ આ ઈવેન્ટને માણી અને વખાણી હતી. 'યાહૂ-૨૦૧૭'ના નિર્ણાયક તરીકે નાટ્યકાર કુંતલ નિમાવત અને ડાન્સર-કોરિયોગ્રાફર જિતેન્દ્ર ચૌહાણ દ્વારા પોતાની નિષ્ણાત સેવાઓ આપવામાં આવી હતી. બંને નિર્ણાયકોને સ્મૃતિચિહ્ન અનુક્રમે કૉલેજનાં પ્રિન્સિપાલ ડૉ. વિજ્ઞા ઓઝા અને એનએસએસ સંયોજક ડૉ. રણછોડ રથવીના હસ્તે એનાયત કરવામાં આવ્યાં હતાં. સમગ્ર ઈવેન્ટ ડૉ. ધર્મેન્દ્ર પટેલ, ડૉ. કૃપા ભટ્ટ, પ્રૉ. સમીર પંડ્યા અને પ્રૉ. પુનમ લોહાણાના આયોજન અને સૌ અધ્યાપકોના સંચાલનથી સફળતાને વરી હતી. નિર્ણાયકો દ્વારા પણ કૉલેજ સ્ટાફના આ સકારાત્મક સુગ્રથનનો ખાસ ઉલ્લેખ કરીને તેની પ્રશસ્તિ કરવામાં આવી હતી. ઈવેન્ટના અંતિમ ચરણમાં વિદ્યાર્થીઓએ નિર્ણાયક જિતેન્દ્ર ચૌહાણ દ્વારા એક ડાન્સ પ્રસ્તુત કરવામાં આવે એવી પ્રચંડ લાગણી ને માગણી વ્યક્ત કરી હતી, જેના પ્રતિસાદમાં તેમણે અફલાતૂન વેસ્ટર્ન ડાન્સ પ્રસ્તુત કરીને ઉપસ્થિત સૌની વાહવાહી પ્રાપ્ત કરી હતી. સમગ્ર ઈવેન્ટનું સંચાલન અધ્યાપક જિજ્ઞેશ તોગડીયા અને ધૃતિ રાવલ દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે આભારવિધિ પ્રૉ. સમીર પંડ્યા દ્વારા કરવામાં આવી હતી.

## નાસાએ વધુ એક સોલાર સિસ્ટમ શોધી

ગાંધીનગર, તા. ૨૧

અમેરિકન સ્પેસ એજન્સી નાસાને એક મોટી સફળતા મળી છે. નાસાના કેપલર સ્પેસ ટેલિસ્કોપે આપણી સોલાર સિસ્ટમના વિશાળ કદ જેટલી જ વધુ એક સોલાર સિસ્ટમ શોધી કાઢી છે. વાસ્તવમાં, આ સોલાર સિસ્ટમ અગાઉ જ મળી આવી હતી પણ હવે ત્યાં આઠમા ગ્રહની ઓળખ પણ કરી લેવામાં આવી છે. એવામાં સૂર્ય કે તેના જેવા કોઈ તારાની પરિક્રમા કરવાના મામલે કેપલર-૯૦ સિસ્ટમની તુલના અમારા સૌરમંડળમાંથી કરી શકાય છે. ખાસ વાત એ છે કે આ સંશોધનમાં ગૂગલ તરફથી આર્ટિફિશયલ ઈન્ટેલિજન્સની મદદ લેવામાં આવી હતી. જે મનુષ્યોને રહેવા યોગ્ય ગ્રહોની તલાશ કરવામાં ખૂબ મદદ કરશે.

# ૧થી ૧૩ જાન્યુઆરી દરમિયાન ૩૮મો સપ્તક સંગીત સમારોહ







ગાંધીનગર, તા. ૨૧

છેલ્લા ૩૭ વર્ષથી ૧ થી ૧૩ જાન્યુઆરી દરમિયાન સપ્તક સ્કૂલ ઓફ મ્યુઝિક દ્વારા વાર્ષિક સંગીત સમારોહનું આયોજન થાય છે. જેમાં શાસ્ત્રીય સંગીતના દિગ્ગજો વિવિધ રજૂઆતો કરતા હોય છે. જેણે અમદાવાદ શહેરને સંગીતના ક્ષેત્રે એક અલગ ઓળખ અપાવી છે. આ સંગીત સમારોહ ભારતીય શાસ્ત્રીય સંગીતની દરેક શૈલી અને પ્રકારને સમાવીને દરેકના શ્રોતાવર્ગને કશુક નવું પીરસવા માટે જાણીતો છે. આ વખતના ૩૮મા ફેસ્ટિવલમાં પણ ૧૩ દિવસમાંથી કેટલાક દિવસ વધુ રસપ્રદ હશે તો કેટલીક રજૂઆતો ખાસ રહેશે.

આ સમારોહની શરૂઆત શરણાઈના સૂરથી થશે. પ્રથમ રાત્રિના પ્રથમ ચરણમાં અહેમદ અબ્બાસ ખાન અને શુજાત હુસેન ખાનની શરણાઈ જુગલબંદી રજૂ થશે. બીજી રાત્રિએ એક અનોખી જુગલબંદી રજૂ થશે, જેમાં જયંતિ શર્મા અને હેમદીપ શર્મા કાચતરંગ અને જલતરંગની જુગલબંદી રજૂ કરશે. આ જ રીતે ૩ જાન્યુઆરીએ ત્રીજા ચરણમાં રોનુ મજમુદારના વાંસળીવાદન અને મૈસોર જૂનાથના વાયોલિનની જગુલબંદી રજૂ થશે. વિશ્વ કક્ષાએ જાણીતા બંગશ ઘરાનાના અમાન અને અયાન અલી ખાન ૮ જાન્યુઆરીએ ત્રીજા ચરણમાં સરોદ જુગલબંદી કરશે. આ જ જુગલબંદીઓમાં સૌથી અનોખી જૂગલબંદી બની રહેશે 'ઓલ વીમેન્સ પર્ફોર્મન્સ'. જેમાં ૧૦ જાન્યુઆરીએ પ્રથમ ચરણમાં અનુપમા ભાગવતનું સિતાર વાદન, દેવપ્રિયા રનદિવેનું વાંસળીવાદન તેમજ અનુરાધા પાલનું તબલાવાદન રજૂ થશે. તેમજ આ વખતે લંબા સમય પછી ફઘઝલ કુરેશી સાથે તાલવાદ્ય કચેરી પણ અનોખો પ્રયોગ રહેશે.

શાસ્ત્રીય સંગીત વિદૂષી પ્રભા અત્રેનું નામ ખૂબ જાણીતુ છે, પરંતુ કેટલાક સંજોગોના કારણે તેઓ આટલા વર્ષોમાં સપ્તકમાં નથી આવ્યા. આ વર્ષે પ્રથમ વખત રવિવારની સવારની સભામાં તેમનું શાસ્ત્રીય ગાયન રજૂ થશે. ટેલિવીઝન પર લોકસંગીતનો જાણીતો ચહેરો અને વિદૂષી ગિરિજા દેવીના શિષ્યા આ વખતે પ્રથમ વખત સપ્તકના મંચ પરથી પોતાના ગુરુને શ્રદ્ધાંજલિ પાઠવશે. પ્રથમ વખત ગુલઝાર અહેમદ ગેનાઈ અને સાથી કાશ્મીરી કલાકારો ૪ જાન્યુઆરી બીજા ચરણમાં સૂફી સંગીત રજૂ કરશે. જેમાં રબાબ, મટકા, તુંબક, સારંગી જેવા વાદ્યો પણ સાંભળવા મલશે. તો ૧૧ જાન્યુઆરીનો દિવસ ઘરાનાના બે બંધુઓની જોડીઓના નામે રહેશે. જેમાં ગુંદેચા બંધુઓનું શાસ્ત્રીય ગાયન, પંડિત ક્રિશ્ન મોહન ભટ્ટનું સિતાર વાદન રજૂ થશે. ત્યાર બાદ તેમના જ બંધુ પંડિત વિશ્વ મોહન ભટ્ટની મોહનવીણા સાથે પુત્ર સલીલ ભટ્ટની સાત્વિક વીણાની જુગલબંદી રજૂ થશે. તેમજ પ્રથમ વખત કૂચીપુડી નૃત્યની રજૂઆત થશે. ઘણા વર્ષોથી પંડિત અજય ચક્રવર્તી અને કૌશિકી ચક્રવર્તી સાથે હાર્મોનિયમ પર સંગત કરતાં પારમિતા મુખર્જીનું સોલો હાર્મોનિયમ વાદન રજૂ થશે.

### સરકારી વિજ્ઞાન કૉલેજ અને ગુજરાત લૉ યુનિ. દ્વારા

# પર્યાવરણ જાગરૂકતા કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૨૧

પર્યાવરણ એ દરેક ને સ્પર્શતી બાબત છે અને એ પણ એટલું જ સત્ય છે કે જો આપણે પર્યાવરણને ટકાવી રાખશું તો જ આપણે ટકીશું આ મુદ્દાને ધ્યાને લઈને આજના યુવાનોમાં પર્યાવરણ વિષે જાગરૂકતાની સમજ આવે, તેની અગત્યતા અને જાળવણીની જવાબદારી મળી રહે તે હેતુથી સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગર અને ગુજરાત નેશનલ લૉ યુનિ.ના સંયુક્ત ઉપક્રમે એક અઠવાડિયા માટે પર્યાવરણ જાગરૂકતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં કોલેજના ૪૫ યુવાનોએ ભાગ લીધો હતો. રિસોર્સ પર્સન તરીકે લૉ યુનિવર્સિટીના ડાૅ. થૉમસ મેથ્યુઝ દ્વારા નિઃશુલ્ક સેવાઓ આપવામાં આવેલ હતી. એક અઠવાડિયાના આ કાર્યક્રમમા ઓકસીજનના વપરાશ અને કાર્બન ન્યુટ્રાલીટી, ન્યુકલીયર પ્રયોગોથી પર્યાવરણને થતુ નુકસાન અને અટકાવવાના ઉપાયો તેમજ પર્યાવરણના કાયદાની જોગવાઈઓ વિશે વિસ્તૃત માહીતી આપી હતી. પર્યાવરણ જાગૃતતા કાર્યક્રમના પુર્ણાહૂતી પ્રસંગે સરકારી વિજ્ઞાન કોલેજના આચાર્ય ડો. કે. જી. છાયા તરફથી ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી નો તથા ડાૅ. થૉમસ મેથ્યુઝનો આભાર માનતા જણાવાયું હતું કે શુધ્ધ ખોરાક વિના દિવસો ચલાવી શકાય, શુધ્ધ પાણી વિના કલાકો ચલાવી શકાય પણ શુધ્ધ હવા વિના મીનીટો પણ ચલાવી શકાતું નથી. માટે પર્યાવરણનું જતન કરવું જરુરી તેમજ અનિવાર્ય છે. તેમણે કોલેજને આ સામાજીક જવાબદારી નીભાવવા બદલ ધન્યવાદ પાઠવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોલેજ એન.એસ.એસ. યુનીટના પ્રોગ્રામ ઓફીસર ડો. ઉમેશ તરપદા દ્વારા કરવામાં આવ્યું હતું.

### ૨૩-૨૪મીએ

## હેરિટેજની થીમ પર દ્વિતીય અમદાવાદ ઈન્ટરનેશનલ લિટરેચર ફેસ્ટિવલ યોજાશે

ગાંધીનગર, તા. ૨૧

અમદાવાદ શહેરને દેશના પ્રથમ હેરિટેજ સિટીનો દરજ્જો મળ્યો છે, ત્યારે હેરિટેજ સિટીની થીમ પર દ્વિતીય અમદાવાદ ઈન્ટરનેશનલ લિટરેચર ફેસ્ટિવલ યોજાશે. જેની શરૂઆત ભવાઈ સાથે થશે. આ ઉપરાંત આ થીમને અનુલક્ષીને હેરિટેજ વોક સહિતના કાર્યક્રમો પણ આ ફેસ્ટિવલમાં સમાવી લેવાયા છે. ૨૩ અને ૨૪ ડિસેમ્બરે અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન ખાતે યોજાનારા આ ફેસ્ટિવલમાં ભાગ લેવા તેની વેબસાઈટ પરથી વિનામૂલ્યે રજિસ્ટ્રેશન કરાવી શકાશે.

આ ફેસ્ટિવલની પ્રથમ બેઠકમાં જ જાણીતી ટેલિવીઝન સંચાલક, રેડિયો આર્ટીસ્ટ અને ફિલ્મ અભિનેતા અન્નુ કપુર સાથે ઉમાશંકર યાદવ અને વિભા વ્યાસ 'બાતોં બાતોં મેં' અંતર્ગત ચર્ચા કરશે. આ ફેસ્ટિવલની માહિતી આપવા યોજાયેલી પત્રકાર પરિષદમાં આયોજકો ઉમાશંકર યાદવ, પિંકી વ્યાસ, પૂર્ણિમા ભટ્ટ, સેપ્ટના પ્રો. આર્થર ડફ તેમજ રશ્મિ ગોયલ હાજર રહ્યાં હતાં. આ ફેસ્ટિવલ દરમિયાન તુહીન સિંહા, ઉદય મહુરકર, આશા કૌલ અને બ્રજેશ સિંઘ સોશિયલ મીડિયાની સમાજ પર અસર વિશે વાત કરશે. જ્યારે હેરિટેજ સિટી અમદાવાદના સ્થાપત્ય વિશે રિયાઝ તૈય્યબજી, મનિષા શોધન બાસુ, પ્રદીપ દલાલ, શર્મિલા સાગરા અને આર્થર ડફ ચર્ચા કરશે. 'ટેસ્ટીંગ ધ ટેસ્ટ' સેશનમાં માધુરી શર્મા, શેફ પ્રણવ જોશી સાથે આર જે નિમિષા ચર્ચા કરશે. 'હર સ્ટોરી અ ગ્લોબલ પર્સ્પેક્ટિવ'માં પૂર્ણિમા ભટ્ટ, મલ્લિકા સારાભાઈ, એસ્થર ડેવિડ ચર્ચા કરશે. આ ઉપરાંત તુષાર શુક્લ, યાસીન અનવર, સુદીપ નાગરકર, મનિષા સક્સેના જેવા જાણીતા લોકો વિવિધ ચર્ચાઓમાં ભાગ લઈ રહ્યા છે, તો કિરીટ દૂધાત, વસંત ગઢવી, દોલત ભટ્ટ, વિક્રમ શ્રીધર, આઈઝેક જોહ્ન, હર્ષ બ્રહ્મભટ્ટ, રઈશ મણિયાર, યોગેન્દુ જોશી, તાહા મન્સુરી, અનિલ ચાવડા, ભાવિન ગોપાણી, ભાવેશ ભટ્ટ, ગુંજન ગાંધી, હર્ષવિ પટેલ, અક્ષય દવે, તેજસ દવે જેવા સાહિત્ય જગતના જાણીતા ચહેરા પણ આ ફેસ્ટિવલમાં જોડાયેલાં છે. તે ઉપરાંત ગુજરાતી ફિલ્મો પર અરવિંદ વેગડા, આરતી પટેલ, પ્રેમ ગઢવી ચર્ચા કરશે. 'સફરનામા – પન્નોં સે પર્દે તક'માં અશોક ચક્ધર, સંદીપ નાથ અને શેલી ભોઈલ ચર્ચા કરશે. આ સાથે ઓનલાઈન સાહિત્ય, કવિતાઓ, વાર્તાઓ, ફિલ્મ, દંતકથાઓ પર વિવિધ ચર્ચાઓ થશે.

# જીવન ઉત્સવમાં ઉદાસિનતા પરિણામથી ભટકાવે છે




પ્રત્યેક સૂર્યોદય નવા નવા સવાલો અને મૂંઝવણો લઈને આવે છે. મધુર પ્રભાતનાં સમયે આંખો ખૂલતાં માણસને અહેસાસ થાય છે કે હું જીવંત છું. જીવન હજી ચાલુ છે તે જાણીને આનંદ અવશ્ય થાય છે. જીવન છે તો બધું જ છે. પરિવર્તનની પ્રક્રિયા તો કુદરતની મહામૂલી બક્ષિશ છે. પરિવર્તન અવિચલ, અટલ અને અવિરત છે, તેને કોઈ જ કાળે કોઈ રોકી શકતું નથી. જીવન વહેતા જળપ્રવાહ જેવું ઈષ્ટ ગણાય છે. બંધિયાર જળ બદબૂ આપે અને ઉપયોગને લાયક પણ રહેતું નથી. સવાર થાય કે સંસારચક્રમાં એક નવી ચેતનાનો સંચાર થાય છે. કેમ કે હવે દિવસ કેવો જશે એ કોઈને પણ ખબર નથી. ભાવિને કોઈ જોઈ શકતું નથી એટલે મનના અંતરખૂણે એક ભય સદા વસતો હોય છે. જે નિશ્ચિત હોય તો જોઈ ન શકાય ત્યારે ઈશ્વરની કૃપા ઉપર શ્રદ્ધા ધરાવવી એ આસ્તિકતાની નિશાની છે. દિવસો જતાં, વર્ષો જતાં સમય એવો આવી ગયો છે કે હવે આનંદ માત્ર અસ્તિત્વનો જ રહ્યો છે. જીવતો નર ભદ્રા પામે અને જીવન હશે તો કવન થઈ શકશે. ઘણી બધી સમસ્યાઓ સામે માનવી લાચાર થઈ ગયો છે. કારણ કે એ બધી સમસ્યાઓ કુદરતની ભેટ નથી પણ માનવીયની નકારાત્મક જીવનશૈલીની દેણ હોય છે. જીવવા જેવી પૃથ્વી ઉપર આતંક ઊભા થઈ ગયા અને પ્રેમની જગ્યાએ નફરતોના થર ઊભા થયા તે માટે દોષિત કોણ? ધર્મ જાણવા છતાં આચરી ન શકાય ને અધર્મ જાણવા છતાં તેને ત્યજી ના શકયા ત્યારે માણસ એક બિનઘોષિત યુદ્ધમાં ફસાઈ જતો હોય છે. જીવનનું ગાડું ગબડતું રહે છે પણ સફરનો આનંદ હોતો નથી અને આનંદની જિજ્ઞાસ પણ મરી જતી હોય છે, જેને આપણો સમાજ કલિયુગ કહીને ઓળખે છે. જીવન માત્ર સ્વયં માટે કદી હોતું નથી અને ઈશ્વરનો હેતુ પણ એ જ છે કે અન્યો માટે પણ સમય કાઢો અને જીવો.

તત્ત્વજ્ઞાનથી જીવન જીવવાની શક્તિ મળે છે પરંતુ શરીર તેની જરૂરિયાતો માટે માગ કર્યા જ કરે છે. એટલે બધાએ પ્રવૃત્તિઓ માટે દોડવું પડે છે. મહામૂલું જીવન એક મોટો ઉત્સવ જ છે અને તેના માટે આભાર માનવા પ્રભુને દિલથી જે કંઈ કહીએ એ પ્રાર્થનાનો હિસ્સો છે. આજના યુગમાં મોટી મુશ્કેલી એ ઊભી થઈ છે કે વ્યક્તિ સ્વયં સાથે પણ વાતચીત કે સંવાદ કરી શકતી નથી. આર્થિક ક્ષેત્રમાં અડચણો-વિપત્તિઓનું પ્રમાણ વધતું જાય છે. ખર્ચા વદતા જાય તેમ તેમ કમાણી ઓછી પડતી જાય છે. તેથી મૂંઝવણો, આપઘાતો, છેતરપિંડી, કપટ વધતાં જાય છે. એ બધાંમાંથી માણસ પાસે એવો મનોભાવ તથા સમય નથી કે એ જીવન ઉત્સવને ખરા અર્થમાં ઊજવી શકે. માનવીની કિંમત નથી, તેની કમાણીની કિંમત અંકાય છે. વફાદારી જેવું કોઈ જગ્યાએ રહ્યું જ નથી અને ભ્રમમાં જીવી લેવાનો વિકલ્પ કદાચ દુખ ઘટાડી શકે છે. સંકટમાં સહાયતાને બદલે શિખામણો જ મળે પછી સહાનુભૂતિની આશા જ કેમ રાખવાની? લોહીના સંબંધોમાં નરી ઈર્ષા, અદેખાઈ, ખટપટ, અસત્યનો જ માહોલ જોવા મળે છે. એટલે સાચી હૂંફ શોધવા બીજે પ્રયાસ થાય છે. પરંતુ તેમાં સફળત મળતી નથી. કારણ કે જગતને ધંધાદરી બનાવી દેવાયું છે. લોકશાહીને ટકાવવા ચૂંટણીઓ તો આવવાની જ, પરંતુ એ આવવાથી નૈતિક પતનમાં વૃધ્ધિ થયા જ કરે તો શું ફાયદો ? સત્તા માટે બધું જ ઉચિત માનવાની ભૂલ વર્ષોથી થયા કરે છે અને એટલે જ શોષણ અટકતું નથી. હજાર હાથવાળાની કૃપા ઉપર શ્રદ્ધા નથી પછી બીજે જે શ્રદ્ધા હોય તે કેવી ને કેટલી હોય ? માનવ સિવાયના સજીવોમાં સંગ્રહવૃત્તિ, પરપીડન વૃત્તિ, બચત વૃત્તિ કે અન્ય વૃત્તિઓ જોવા મળતી નથી. છતાં તે બધાં કુદરત ઉપર જ જીવે છે અને કોઈ દ્વિધા ત્યાં નથી. પ્રગતિ અને વિકાસનાં સ્વપ્નો લઈ દોડતા માનવને જીવન ઉત્સવની કોઈ જ કિંમત રહી નથી. તેથી સમાજ રૂક્ષ, ખરબચડો, તકલાદી થયો છે. સંવેદનાઓ મરી જાય પછી વેદનાઓમાં વૃધ્ધિ થતી હોય છે.

જીવન ઉત્સવમાં સ્થળ, કાળ, વય, ઋતુ વગેરે વાસ્તવમાં ગૌણ હોય છે. જે મુખ્ય છે તે જિજીવિષા છે. જે જિજીવિષાના પાયામાં મમતા, પ્રેમ, ઋણ વગેરે અવશ્ય હોય છે. જીવનને ધન્ય કરવું એ એક મોટો હેતુ છે. જે હસી શકે છે એ જગતના દુખો હટાવવાની ક્ષમતા ધરાવતો હોય છે.

ઢલતી શામ સી ઉમ્ર ઔર
તન્હા તન્હા સે હમ
ઉમ્મીદોં કા કાફિલા
ઔર વક્ત બહુત હૈ કમ

જીવનમાં જ્યારે કશું જ નથી ત્યારે માણસની ધીરજ અને જ્યારે ઈશ્વરે બધું જ કલ્પના અને અપેક્ષા મુજબ આપ્યું હોય ત્યારે માણસનું વર્તન, અભિગમ અને વાણી - જીવનના અનેરા ઉત્સવનો વ્યાખ્યાબદ્ધ કરે છે. સત્ય સીધું અને સરળ છે, પરંતુ કોઈ તોને સમજાવવાની કોશિષ કરે ત્યારે એ અઘરું થઈ જાય છે. જીવન ઉત્સવ સરળ છે, ત્યાં ઉદાસિનતા ચલે તેમ નથી. યાદ રાખો કે જેને તમે સૌથી વધુ પ્રેમ આપો છે એ જ તમને વધુ હાનિ કરશે. પણ આ બધું જોયા વિના જીવનની પ્રત્યેક ક્ષણને માણો અને બીજા માટે પણ જીવો.

**શેર આસ્વાદ**

મજબૂત હોને મેં
મઝા હી તબ હૈ
જબ સારી દુનિયા
કમજોર કર દેને પર તુલી હો

